# મતદાન કેન્દ્ર પર ઝોકું

આ વખતે વોટ આપવા ગયો
તો અચાનક ખબર પડી
મતદારયાદીમાં
મારું નામ જ નથી
કોઈને કાંઈક પૂછું તે પહેલાં મારી અંદરથી
અવાજ આવ્યો :
“બેવકૂફની જેમ તાકી શું રહ્યો છે
નથી ભલે મતદારયાદીમાં
એક વિશાળ યાદીમાં તો છે જ
જેમાં તે બધાં નામ છે
જે રહી જાય છે બહાર”

બહાર નીકળ્યો
તો નજર પડી સામે ઊભેલા ઝાડ પર
થયું – તે પણ તો નાગરિક છે આ ભૂમિનું
અને જુઓ તો એ મરજીવાને
ઊભું છે કેવું મસ્ત ફકીર!

હું ઝાડ પાસે ગયો
અને તેના છાંયડે બેઠાબેઠા
આવી ગયું ઝોકું
જોયું – ઝાડના નેતૃત્વમાં
જઈ રહ્યાં છે ઘણાં ઝાડ અને લોકો
જેમાં સામેલ છે –
વડ
પીપળો
ગુલમોર
ઊમરો
મસાણ
કાલીનું ચમકતું સિંદૂર
જઈ રહ્યું હતું આગળ-આગળ
કે અચાનક એક પાંખડી પડવાનો
ધબાકો થયો
અને તૂટી ગઈ ઊંઘ
મેં જોયું
હવે મારા ખિસ્સામાં મારો ન આપેલો વોટ છે
– એક નાગરિકનું અંતિમ હથિયાર –

મેં સ્વયંને કહ્યું :
‘હવે ઘરે ચલો કેદાર
અને શોધો આ વ્યર્થમાં
નવો કોઈ અર્થ.’

# પાણી

હું જાહેર કરું છું
કે પાણી
મારો ધર્મ છે
આગ મારો વેદાંત
હવા પાસેથી મેં દીક્ષા લીધી છે
ઘાસ-પાંદડાં મારા સહાધ્યાયી
રસ્તો મારો દેવ છે
મકાઈ મારું કલ્પવૃક્ષ
ભાગડનાલા મારી ગંગા

આ રીતે આ  વૃદ્ધ બાળક
દુનિયાના ચાર રસ્તા પર
ઊભો છે મજેદાર.

# બકરી અને ગાંધી

તે એક અજીબ જીવ છે
આપે જ રાખે છે
માગતી નથી કંઈ
ચીરી કાઢો
ફાડી નાખો
ટુકડેટુકડા કરી દો
તેના ધાવણા બચ્ચાના
એ કંઈ કહેતી નથી
બસ જોયા કરે છે

બકરી અને ગાંધીનું
આ દયાળુ રૂપ
ભલે જેટલું દયાળુ હોય
આમ નહીં ચાલે
કંઈક કરો
કંઈક તો કરો ભલા માણસો
અડીને જુઓ મારી દાઢી
મારું  કપાળ
જો આપી શકો તો બકરીને આપી દો
એક સવારે
એક સાંજે
એક ભરેલો પાણીનો ગ્લાસ
આપી દો તેને
તે જીવી જશે
ગાંધી જીવી જશે
દુનિયા જીવી જશે.

# ફૂલ હસશે અને ખરી પડશે

મારું હોવું
બધાનું હોવું છે
પણ મારું ન હોવું
ફક્ત મારું હશે.

બધા દિવસો ભરાઈ જશે
મારા ન હોવાથી છલોછલ
ફૂલ હસશે
અને પડી જશે મારા હાથમાંથી
કોઈ બીમારના માથા પર
ધૂળ ઊડશે દુનિયામાં
વિના ઘર
વિના સરનામે
વિના વીસા
વિના પાસપૉર્ટ
ચાલતો રહેશે બ્રહ્માંડમાં
આત્માઓનો કારોબાર
બધાની કરન્સી થઈ જશે લીન
હવાની કરન્સીમાં

અને કોઈ ડાળ પર બેઠેલું
એક પંખી ગાશે
મીરનો એક મિસરો
'હું બીજો
દોસ્ત બીજો
મારો કારોબાર બીજો!'

# માચીસ લાવવાનું ભૂલી ન જતા

જાગો કે તડકો થઈ ગયો ઓછો
તમને બોલાવે શાકભાજી બજાર
સાંભળો કે શું કહે છે 'ચકલી'
કાલે પત્નીનું વ્રત છે પિડિયા
મોડું ના કરો, લઈ લો થેલી
આકાશ થઈ રહ્યું છે ધૂંધળું
હવા જો ઓછી છે સાઇકલમાં
રાખો ભરોસો પોતાના મનમાં
હવા વિના દેશની સાઇકલ
ચાલી રહી છે – શું છે મુશ્કેલ
પહોંચાડી દે જે રસ્તો – પસંદ કરી લો
પણ ઘરની આ વાત પણ સાંભળી લો
દુનિયા જો બચાવવી હોય
માચીસ લાવવાનું  ભૂલી ન જતા.

# કરોડો વર્ષ જૂની

મારે મિત્ર અસંખ્ય છે
અને શત્રુ કોઈ નહીં.

પણ સાંભળો
મારા જ્ઞાત-અજ્ઞાત અબજો-ખર્વો
બ્રહ્માંડ-ભરના મિત્રો
આ બ્રહ્માંડ કરોડો વર્ષ જૂનું
એક જર્જરિત બળદગાડું છે –
જેની ધરીને
સમારકામની જરૂર છે!

## એક માણસ

તેમને આ દુનિયા ગમતી નહતી
આ રસ્તાઓ – ચાર રસ્તાઓ
રેલગાડીનો ધુમાડો
આ માણસોના નામ
તેમનામાંથી ધુમાડાની જેમ
નીકળતી ડિગ્રીઓ
આ બી.એ.
એમ.એ.
આ સ્કૂલો – કૉલેજો
તેમને કંઈ કહેતાં કંઈ પણ
ગમતું ન હતું
બધું ઝેર પી લીધું હતું તેમણે
ડૉક્ટરની આપેલી દવા સમજીને
એક અજબ જેવું હાસ્ય તેમના તૂટેલા બે દાંત વચ્ચે
દબાયેલું હતું

એક ભયંકર અંધારાનો અનુભવ હતો તે
જેને મારા-તમારા જેવા
તેમનું હાસ્ય સમજતા હતા
તેમને બધાં મહાકાવ્યો અને નેતાઓની સામે
એક કાળો પાડો વધુ આવશ્યક લાગતો હતો
જે પગથી કચડી શકતો હતો
આખા બજારને
લોકતંત્રના વિશાળ મકાનમાં
તેમની આંખોએ જોઈ લીધું હતું
એક કાણું

એક એવા અનફિટ માણસ હતા તે
કે સમાઈ નહતા શકતા
કોઈ વાર્તામાં
તેથી આખી દુનિયા તેમને
દેખાતી હતી
પાણીમાં.

# કાલજયી

કહેવા ઇચ્છતો હતો
બહુ પહેલાં
પણ હવે જ્યારે પેન મારા હાથમાં છે
કહીં દઉં –
જે લખીને ફાડી નખાય છે
કાલજયી હોય છે
તે કવિતાઓ.

# સજ્જનતા

આ જીવન
ખોવાયેલી વસ્તુઓનું
એક અગમ્ય સંગ્રહાલય છે
જેનો દરવાજો ખોલતાં
મને ડર લાગે છે
મને સાપનો
ડર નથી લાગતો
અંધારાનો ડર નથી લાગતો
કાંટાઓનો
ઓલવાતા ફાનસનો
ડર નથી લાગતો
પણ સજ્જનો,
મને ક્ષમા કરજો
મને સજ્જનતાનો
ડર લાગે છે.

# કરજો માફ કે યાદ નથી

કરજો માફ કે યાદ નથી
કેટલા દિવસો વીત્યા
વગર પરવાનગીએ આ ધરતી પર –
આ મહાદેશની
રોટી ખાતાં
પાણી પીતાં

ચાલતાં-ચાલતાં
અહીં પહોંચીને
મહાદેશની મહાન સડક પર
દૂર દૂર સુધી જોઈ રહ્યો છું
રોટી મોંઘી
પાણી દુર્લભ
મહાદેશની બધી નદીઓ
દુકાળથી ભરી છે છલોછલ

વિચારી રહ્યો છું –
ઇચ્છું તો શું બની જઈશ
કોઈકની રોટી
કોઈકનું પાણી!
પછી આ જીવવાનો શો અર્થ?

દિવસો એ જાણે
છાલથી છૂટી
અંગારા પર શેકાતો મકાઈડોડો!

# લોહી

તે નસોમાં વહેતાં-વહેતાં
થાકી ગયું છે
કોઈ વાર પછાડે છે કમાડ
તો ડૉક્ટર બોલાવવા પડે છે
જરા વિચારો તો ખરા
તેને લાખો-કરોડો મીટરની લાંબી યાત્રા
રોજરોજ કરવી પડે છે આપણા શરીરમાં
અને શરીર છે કે બધું સહન કરે છે ચૂપચાપ
જ્યારે આપણે ચાલીએ છીએ
ચાલે છે તે
અને આપણને લાગે છે આપણે ચાલી રહ્યા છીએ
આ એક અવેજી માણસનું કામ છે
જે કરી રહ્યું છે તે
અને હવે તે કરતાં કરતાં થાકી ગયું છે
અઢી અબજ શરીરોમાં
નાના-નાના સૂક્ષ્મ જીવકોષોની યાત્રા
નિરંતર ચાલુ છે
ક્યારે-ક્યારે લાગે છે એક સામૂહિક થાક
સહન કરી રહ્યું છે તે
જેમ લાખો વરસોની એક કઠોર મોટી ચટ્ટાન
મૂકી છે તેના ખભાઓ પર
જવાનું ક્યાં છે – પહોંચવાનું ક્યાં છે
તેનાથી અજાણ બસ ચાલી રહ્યું છે તે

પૃથ્વીનું બધું લોહી એક છે
એક જ યાત્રામાં
એક જ પૃથ્વીભર લાંબા શરીરમાં
દોડી રહ્યું છે તે
ના – આરામ તેને ના જોઈએ
સીરિયામાં જે ટપકે છે બુંદ
તેને સાંભળે છે મારા ગામનાં
બાળકોની ધડકન
અબજો ધબકારાઓ એક જ લયમાં
ફેરવી રહ્યા છે દુનિયાને
દરેક લોહી
દરેક લોહી સાથે વાતચીત કરે છે!

# વસિયતનામું

મારી ખાલ આપી દો
કોઈ ખેતરને
કવિતાઓ વહાવી દો
કોઈ નાળામાં
કાગડાઓને આપી દો નિમંત્રણ
કે આવે અને છજા પર બેસી
કા...કા... કરે
મારું પહેરણ કોઈ ઝાડને
આપી દો
ખમીસ કોઈ ઝાડીને
મારા પત્રો મોકલી દો
કોઈ બીજા સરનામે
કોઈ બીજાનું નામ લખી દો
મારા નામને બદલે
મારી પથારી આપી દો
કોઈ પથારી વગરના પડોશીને

જે કહું છું
તે હું કહું છું
પણ જે નથી કહેતો
તે પથ્થરોને આપી દો
કે કદાચ... કદાચ...
કંઈ બોલે.